E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 339 * Date: 29.09.2024,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આ ન્યૂ ઈન્ડિયા છે, ઘરમાં ઘૂસીને મારે છેઃ મોદી



જમ્મુ-કાશ્મીરના એમએ સ્ટેડિયમમાં એક વિશાળ જાહેર સભાને સંબોધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ×આ ચૂંટણી જમ્મુ-કાશ્મીરનું ભવિષ્ય પસંદ કરવાની છે. તેમજ જમ્મુમાં આ વિધાનસભા ચૂંટણીની મારી આ છેલ્લી સભા છે. આજે શહીદ વીર સરદાર ભગતસિંહની જન્મજયંતિ પણ છે. દેશના કરોડો યુવાનોના પ્રેરણાસ્ત્રોત ભગતસિંહજીને હું આદરપૂર્વક વંદન કરું છું.×પીએમ મોદીએ કહ્યું કે, ×છેલ્લા અઠવાડિયામાં તેમને જમ્મુ અને કાશ્મીરના વિવિધ વિસ્તારોની મુલાકાત લેવાનો અવસર મળ્યો હતો અને જ્યાં પણ ગયા ત્યાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પ્રત્યે ખૂબ ઉત્સાહ જોવા મળ્યો હતો.વડાપ્રધાને કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ (દ્ભઝ્ર) અને ઁઁ પર નિશાન સાધતા કહ્યું કે, ×જમ્મુ-કાશ્મીરના લોકો આ ત્રણ પરિવારોની રાજનીતિથી કંટાળી ગયા છે. અહીંના લોકો હવે આતંકવાદ, અલગતાવાદ અને ખૂન-ખરાબા નથી ઈચ્છતા. તેઓ તેમના બાળકોનું સારું ભવિષ્ય અને શાંતિ ઈચ્છે છે. અને એ જ કારણે લોકો ભાજપ સરકારને સમર્થન આપી રહ્યા છે.×જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા બે તબક્કામાં થયેલા ભારે મતદાનનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, ×એ સ્પષ્ટ છે કે જમ્મુ-કાશ્મીરના લોકોએ હવે ભાજપની તરફી મુડ બનાવી લીધો છે.× તેમણે દાવો કર્યો હતો કે રાજ્યમાં ભાજપની પૂર્ણ બહુમતીવાળી પહેલી સરકાર બનવા જઈ રહી છેજમ્મુના લોકોને વિશેષ આગ્રહ કરતા વડાપ્રધાને કહ્યું કે, ×ઈતિહાસમાં આ પહેલા ક્યારેય એવી તક મળી નથી, જેવી આ ચૂંટણીમાં જોવા મળી રહી છે. પહેલીવાર જમ્મુમાં લોકોની ઈચ્છા પ્રમાણે સરકાર બનવા જઈ રહી છે. આ તક મંદિરોની નગરી માટે મહત્વપૂર્ણ છે, અને તેને ગુમાવવી જોઈએ નહીં.×પીએમ મોદીએ આશ્વાસન આપ્યું કે ભાજપની સરકાર બન્યા બાદ જમ્મુના લોકોના દરેક દુઃખ દૂર કરશે. નવરાત્રિ અને વિજયાદશમીનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, ×ચૂંટણીના પરિણામો ૮ ઓક્ટોબરે નવરાત્રિના દિવસે જાહેર કરવામાં આવશે, અને આ વખતે વિજયાદશમી એક શુભ શરૂઆત હશે.×વડાપ્રધાને તેમના સંબોધનમાં ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈકને યાદ કરતા કહ્યું કે, ×આજની રાત્રે જ સર્જિકલ સ્ટ્રાઈક થઈ હતી. ભારતે દુનિયાને બતાવી દીધું હતું કે, આ નવું ભારત છે, જે ઘરમાં ઘૂસીને મારે છે.× તેમણે કોંગ્રેસ પર સર્જિકલ સ્ટ્રાઈકના પુરાવા માંગવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું કે, કોંગ્રેસ આજે પણ આ મુદ્દે પાકિસ્તાનની ભાષા બોલે છે.

વન રેન્ક વન પેન્શન (ઓઆરઓપી)નો મુદ્દો ઉઠાવતા પીએમ મોદીએ કોંગ્રેસ પર સેના પરિવારોના હિતોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે × જયારે વર્ષ ૨૦૧૪માં ભાજપ સરકાર સત્તામાં આવી તે પછી ઓઆરઓપી લાગુ કરવામાં આવી છે અને સૈન્ય પરિવારોના હિતને હંમેશા સર્વોપરી રાખ્યું છે.×

## અમેરિકામાં વાવાઝોડાનો કહેર, ૧૩નાં મોત, ૧.૨૦ કરોડ લોકો પ્રભાવિત, ૬ રાજ્યોમાં ઈમરજન્સી




અમેરિકામાં હેલેન વાવાઝોડાંએ ભારે કેર વર્તાવ્યો હતો. કેટેગરી-૪નું શક્તિશાળી વાવાઝોડું હેલેને શુક્રવારે સવારે અમેરિકાની દક્ષિણે ફ્લોરિડાના દરિયા કિનારે ત્રાટક્યું હતું. વાવાઝોડાંના કારણે અમેરિકાના દક્ષિણ-પૂર્વમાં ૧૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. અમેરિકામાં આ વર્ષે આવેલા સૌથી મોટા તોફાનોમાં હેલેનનો સમાવેશ થાય છે. આ વાવાઝોડાંના કારણે ૧,૦૦૦ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી જ્યારે ૧.૨૦ કરોડ લોકો તેનાથી પ્રભાવિત થયા હતા. છ રાજ્યોમાં ૩૫ લાખથી વધુ લોકોએ પાવર કટનો સામનો કરવો પડયો હતો.અમેરિકામાં ફ્લોરિડાના દરિયા કિનારે હેલેન વાવાઝોડું ત્રાટક્યા પછી આવેલા વરસાદ અને પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા ઈમર્જન્સી ક્રૂએ ભારે જહેમત ઊઠાવવી પડી હતી. આ વાવાઝોડું ગુરુવારે મોડી રાતે ફ્લોરિડાના ગ્રામીણ બીગ બેન્ડ વિસ્તારમાં દરિયા કાંઠે લેન્ડફોલ થયું હતું. આ સમયે પવનની ગતિ પ્રતિ કલાક ૨૨૫ કિ.મી. હતી. જોકે, વાવાઝોડાંના કારણે નોર્થ કેરોલિના સુધી પૂરની સ્થિતિ સર્જાઈ હતી.

ફ્લોરિડા, જ્યોર્જિયા, નોર્થ કેરોલિના અને સાઉથ કેરોલિના, ટેનેસી અને વર્જિનિયા સહિત છ રાજ્યોમાં ૩૫ લાખથી વધુ લોકોએ વીજળી વિના રહેવું પડયું હતું. જ્યોર્જિયાની એક આખી કાઉન્ટીમાં પાવર કટ થઈ ગયો હતો. આ રાજ્યોમાં ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. આ રાજ્યોમાં ૧,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી જ્યારે ૪,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી અથવા અન્ય સ્થળે ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી.

## ગુજરાતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી, ૨૪ કલાકમાં ૨૩૩ તાલુકા ભિંજાયા

ભાદરવો ભરપૂર ઉક્તિ સાર્થક ઠરી રહી હોય તેમ ગુજરાતમાં સતત બીજા દિવસે મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ નર્મદાના સાગબારા તાલુકામાં ૭ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સુરેન્દ્રનગરના લખતરમાં ૫.૪૫ઈંચ, જૂનાગઢમાં ૪.૮૦ ઈંચ, સુરતના ઉમરપાડામાં ૪.૬૦ ઈંચ, રાજકોટના ધોરાજીમાં ૪.૪૮ ઈંચ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે (૨૮મી સપ્ટેમ્બર) નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં આજે ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ અને બોટાદમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બાકીના જિલ્લાોમાં સામાન્યથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર,રાજ્યમાં આગામી ૪૮ કલાક ભારે વરસાદ પડી શકેછે. દક્ષિણ ગુજરાતમાંઅનેક વિસ્તારોમાં ૮થી ૧૦ ઈંચ વરસાદ પડી શકે છે. બીજી તરફ સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદની શક્યતા છે, ત્રીજીથી પાંચમી ઓક્ટોબર ભારે વરસાદ વરસી શકે છે.




## સરકારની નિષ્ફળતાનું ઉદાહરણ! શક્રેશ્વર મહાદેવના ૬૦૦ વર્ષ પૌરાણિક મંદિરની નર્મદામાં જળસમાધિ

ઝઘડિયા : ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં નર્મદા નદીના તટે ઘણા પૌરાણિક મંદિરો આવેલા છે. જે પૈકી વઢવાણા ગામે આવેલા ૬૦૦ વર્ષ પૌરાણિક શક્રેશ્વર મહાદેવનું મંદિર ગત રાત્રે નર્મદા નદીમાં ધસી પડયુ હતું. સ્થાનિક નેતાગીરી અને સરકારની ભયંકર બેદરકારીના કારણે લાખો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર સમાન આ પ્રાચીન મંદીરનું અસ્તિત્વ જ ખતમ થઇ જતા લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે.

આ શક્રેશ્વર મહાદેવનું મંદિર નર્મદા નદીના કાંઠે આવેલું છે. દર વર્ષે વરસાદના કારણે મંદિરની જગ્યાનું મોટાપાયે ધોવાણ થતુ આવ્યુ છે જેના કારણે મંદિર પરિસરની દીવાલોમાં પણ તિરાડો પડી ગઈ હતી. મંદિરના મહંત સિયાશરણદાસજીએ આ સ્થિતિને ધ્યાનમાં રાખીને દહેશત વ્યક્ત કરી હતી કે જો તુરંત પગલા નહી લેવાય અને સંરક્ષણ દીવાલ બનાવવામાં નહી આવે તો મંદિરનું અસ્તિત્વ જોખમમાં છે. ગંભીર બાબત તો એ હતી કે ગર્ભગૃહ સ્થિત શિવલિંગ પણ એક ઇંચ નીચે જતું રહ્યું હતું. આ વખતે પણ ચોમાસા દરમિયાન મંદિરની જગ્યાના કેટલાક ભાગનું ધોવાણ થયું હતુ. દરમિયાન ગત રાત્રે ભેખડનું ધોવાણ થતાં શક્રેશ્વર મહાદેવ મંદિર આખું નર્મદા કિનારા પરથી નદીમાં ધસી પડયું હતું.આ દુર્ઘટનાના પગલે દોડધામ મચી ગઇ  હતી અને મહંત સિયાશરણદાસજી તથા વઢવાણાના ગ્રામજનોએ જીવના જોખમે શિવલિંગ, શિવ પરિવારની પ્રતિમાઓ ઉપરાંત પવિત્ર સામગ્રીઓ બચાવી લીધી હતી.મહંત અને ગ્રામજનો આ ઘટનાથી ભારે નારાજ થયા છે. તેઓનું કહેવું છે કે મંદિરને બચાવવા માટે ઝઘડિયાના ભાજપાના ધારાસભ્ય રિતેશ વસાવાને, ભાજપાના સાંસદ મનસુખ વસાવાને, ભાજપાના જિલ્લા પ્રમુખ મારૂતિસિંહ અટોદરિયાને અવારનવાર ટેલીફોનિક અને લેખિતમાં જાણ કરી પ્રોટેક્શન વોલ બનાવવા રજૂઆત કરી હતી. પરંતુ વહીવટી તંત્ર તથા નેતાઓ વાયદાઓ જ કરતા રહ્યા અને મંદિરની જળસમાધિ થઇ ગઇ.


## ઈઝરાયલ અકળાયો, હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર કર્યા તાબડતોબ હવાઈ હુમલા, મિસાઈલ કમાન્ડર ઠાર



ઈઝરાયલે હિઝબુલ્લાહ પર તાબડતોબ હુમલા કરી રહ્યું છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ યુએનમાં વચન આપ્યું હતું કે, 'હું હિઝબુલ્લા સંગઠનનો ખાતમો કરીને જ જંપીશ' આ દરમિયાન હિઝબુલ્લાહના ઠેકાણા પર ઈઝરાયલના હુમલા ચાલુ છે. દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના મિસાઈલ યુનિટના કમાન્ડર મોહમ્મદ અલી ઈસ્માઈલ અને તેના ડેપ્યુટી હુસૈન અહેમદ ઈસ્માઈલ ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યો ગયો છે.ઈઝરાયલે શુક્રવારે (૨૭મી સપ્ટેમ્બર) સાંજે બેરૂતમાં હિઝબુલ્લાહના હેડક્વાર્ટર પર હવાઈ હુમલો કર્યો હતો. લેબનોનની રાજધાની બેરૂત સ્થિત હિઝબુલ્લાહના હેડક્વાર્ટર પર હેવી ગાઈડેડ બોમ્બથી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બેરૂત જોરદાર અવાજથી હચમચી ગયું હતું અને હિઝબુલ્લાનું હેડક્વાર્ટર સંપૂર્ણ રીતે ધ્વસ્ત થઈ ગયું હતું. હુમલા બાદ હેડક્વાર્ટરમાં આગ લાગી હતી.

ઈઝરાયલે હિઝબુલ્લાના વડા નસરાલ્લાહને નિશાન બનાવવા માટે આ હવાઈ હુમલો કર્યો હતો. હુમલામાં કેટલા લોકો માર્યા ગયા તે હજુ સુધી જાણી શકાયું નથી. બીજી તરફ, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ યુએનમાં સ્પષ્ટ કર્યું કે, 'હું હિઝબુલ્લા સંગઠનનો ખાતમો કરીને જ જંપીશ' આ ઉપરાંત નેતન્યાહૂએ ઈરાનને સલાહ પણ આપી હતી અને કહ્યું હતું કે, 'તમે (ઈરાન) કોઈ પણ પ્રકારની દુવિધામાં ન રહે. તમારો દરેક વિસ્તાર ઈઝરાયલની પહોંચમાં છે અને હમાસને આત્મસમર્પણ કરવું જોઈએ.

## દિલ્હીઃ ૪ દિવ્યાંગ દિકરી સાથે પિતાએ આપઘાત કરતાં હડકંપ, પત્ની કેન્સરથી મૃત્યુ પામી હતી



દિલ્હીના રંગપુરી વિસ્તારમાંથી હચમચાવતો કિસ્સો સામે આવ્યો છે. અહીં રંગપુરી વિસ્તારમાં એક પિતાએ તેની ચાર દીકરીઓ સાથે સામૂહિક આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઇ છે. માહિતી અનુસાર તેની ચારેય દીકરીઓ દિવ્યાંગ હતી. પોલીસને જાણ કરાતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ભાડાના મકાનમાં રહેતા આ લોકોના મૃતદેહોને બહાર કાઢી લેવાયા હતા.

મૃતક પિતાની ઓળખ ૫૦ વર્ષીય હીરાલાલ તરીકે થઇ હતી અને તે બિહારના વતની હતા. દિલ્હી પોલીસના જણાવ્યાનુસાર હીરાલાલ કારપેન્ટરનું કામ કરતા હતા અને તેમની પત્નીનું કેન્સરથી એક વર્ષ પહેલાં જ મૃત્યુ થઈ ગયું હતું. ત્યારબાદ તેમના પરિવારમાં ૧૮ વર્ષની દીકરી નીતુ, ૧૫ વર્ષીય નિશિ, ૧૦ વર્ષીય નીરુ અને ૮ વર્ષીય દીકરી નિધિ જ હતા.

તંત્રી સ્થાનેથી..

# ભારતના વધુ ૧૧.૩ કરોડ પરિવારોની વાર્ષિક આવક રૂ.૩૦ લાખ થશે

દેશમાં નાણાવર્ષ ૨૦૩૧ સુધીમાં વાર્ષિક રૂ.૩૦ લાખની આવક ધરાવતા પરિવારોની સંખ્યામાં ૧૧.૩ કરોડનો વધારો થશે. એટલે કે, નાણાવર્ષ ૨૦૩૧ સુધીમાં વધુ ૧૧.૩ કરોડ પરિવારોની વાર્ષિક આવક રૂ.૩૦ લાખની આસપાસ હશે તેવું યુ ગ્રો કેપિટલના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.તે ઉપરાંત દેશમાં વાર્ષિક રૂ.૫ લાખથી રૂ.૧૦ લાખની આવક ધરાવતા મધ્યમવર્ગની સંખ્યામાં પણ વર્ષ ૨૦૩૧ સુધીમાં ૨૮.૩ કરોડનો વધારો થશે. છેલ્લા ૩૦ વર્ષમાં ભારતે ૧૬ વર્ષ દરમિયાન વાર્ષિક ૭%નો આર્થિક વૃદ્ધિદર હાંસલ કર્યો છે. અત્યારનો તબક્કો આ ઉચ્ચ વૃદ્ધિદરને ટકાવી રાખવા માટે સાનુકૂળ છે. ઉદાહરણ તરીકે, દેશનો કોર ફુગાવો નાણાવર્ષ ૨૦૨૪માં ચાર વર્ષના તળિયે છે, અત્યારની રાજકોષીય ખાધ સરપ્લસમાં છે અને ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટ્સનો ગુણોત્તર પણ માર્ચ ૨૦૨૪ સુધીમાં ૨.૮% સાથે અનેક વર્ષોના તળિયે છે. આ બધા પરિબળો પરિવારોની આવકમાં સ્થિરતામાં મહત્વપૂર્ણ યોગદાન પૂરું પાડી રહ્યાં છે.રિપોર્ટ અનુસાર દેશનું બાહ્ય સેક્ટર મજબૂત રહ્યું છે, જેમાં મુખ્ય કેટલાક સૂચકાંકોમાં સુધારો જોવા મળી રહ્યો છે.

# રાજુ રદીનો બિલ્ડર વિરૂધ્ધનો મોરચો!

રાજુ રદી આંદોલનજીવી અમીરીની જેમ હાથમાં વિરોધ દર્શક પ્લે- કાર્ડઝ, બેનર અને ખોખરા અવાજે “ નહીં ચલેંગી, નહી ચલેંગી, તેરી તાનાશાહી નહી ચલેંગી, વી વોન્ટ જસ્ટિસ, વી વોન્ટ જસ્ટિસ”નો સૂત્રોચ્ચાર કરતો મારા ઘરમાં ઘુસી ગયો.

“ આવાજ દો હમ એક હૈ, આવાજ દો હમ એક હૈ” પાછી ચાનક ચડી હોય તેમ હાથની મુઠી વાળી બોલવા માંડ્યો!!

“ રાજુ. આ મારું ઘર છે. કોઇની ઓફિસ નથી. મેં તારા પર તાનાશાહી ચલાવી હોય તેવું યાદ નથી. મારા ઘરે શેનો મોરચો માંડે છે? ઉંધા હાથની વળગાડીશ તો આંદોલનની હવા નીકળી જશે”મેં આકરા પાણીએ થઇને રાજુ રદી-ધી ગ્રેટ એજીટરને ખખડાવ્યો.

“ ગિરધરભાઈ. તમે હાથ પર હાથ ધરી બેસી ન રહેતા. તમારે પણ આંદોલનમાં જોડાવાનું છે. જોઇ શું રહ્યા છો જોડાઈ જાવ”

“ અલ્યા, લોકસભાની ચૂંટણી- દિલ્હી અભી તો દૂર હૈ! ઓપોઝિશનની ખીચડી ઓરાય એવું લાગતું નથી. તું શેનું લઈ માંડ્યો છે?” મેં રાજુને પૂછ્યું

“આપણી સોસાયટીના બિલ્ડરની તાનાશાહી, સરમુખત્યારશાહી, એકહથ્થું બિનલોકશાહી તાલિબાની રીતરસમના વહીવટ સામે રહીશોએ વિરોધનો સૂર બુલંદ કરવાનું નક્કી કર્યું છે. આપણે તેને હંફાવવાનો છે” શ્વાનની જેમ હાંફતા હાંફતા રાજુએ આંદોલનની તોપનું નાળચું કોની તરફ છે તે સ્પષ્ટ કર્યું

“ રાજુ તું જેની સામે લડે છે મીથ કહેવાય.વિવિધ એમેનિટીઝના વાયદા કરી મેન્ટેન્સના પૈસા ઉઘરાવી બિલ્ડર નામનો મોરલો કળા કરીને ઉડી જાય છે. મકાન ખરીદનારે પૂછવું પડે ‘તું છીપા હૈ માં તડપતા યહાં’ કે ‘નગરી નગરી દ્વારે દ્વારે ઢુંઢું રે બિલ્ડરિયા, બિલ્ડરિયા બિલ્ડરિયા રટ કે બીતી રે ઉંમરિયા!!’ ઘણા લોક પ્રતિનિધિઓ ચૂંટાયા પછી બીજી ચૂંટણી ન આવે ત્યાં સુધી ફરકતા નથી. મતદારો નેતા ખોવાયા છ તેવા પોસ્ટરો ચિપકાવે છે તેમ બિલિડરોના પણ પોસ્ટર ચિપકાવવા પડે.”મેં રાજુને બિલ્ડર કથા સંભળાવી

“ગિરધરભાઇ . આપણો બિલ્ડર સ્ટ્રીટલાઇટ-ઇન્ટરનલ રોડ-વોટર સપ્લાય-રીક્રિએશન ક્લબ-સુએજ લાઇન-કલિનિંગ મેન્ટેન્નસના નામે રૂપિયા ઉસેડી ગયો છે અને એક વોટર ટેન્કર મંગાવ્યાના ચાલીસ હજારના બિલો પકડાવે છે, એક બલ્બ બદલાવ્યો તેના બોતેર હજારના ફરફરિયા પકડાવે છે.એ કયાંનો ન્યાય?”રાજુએ ગ્રિવસન્સીસના મિસાઇલ છોડ્યા.

“ અરે રાજુ, હદ કે સરહદ એ વાતની છે કે મુલ્લા બિરાદરની માફક રહીશને વિશ્વાસમાં લેતો નથી આપણી ગાર્ડન સીટીના રહીશોનું એસોશિઅશન બનાવી મેન્ટેનન્સનો વહીવટ - રૂપિયા સોંપતો નથી.” મેં પણ ફરિયાદની વહેતી ગંગામાં હાથ ધોઇ નાંખ્યા.

“ ગિરધરભાઇ, સફાઇ માટે સાવરણાની ખરીદી,ફ્લોર કલિનર- હાર્પિકની ખરીદી,પેસેજનો એલઈડી બલ્બ બદલવા,તૂટેલી ટાઈલ્સ બદલવા, વેક-વેનો સ્ટોન બદલવા માટે કોઇને વિશ્વાસમાં લેતો નથી. ખરીદી માટે ત્રણ ભાવ લેવા કે ટેન્ડર બહાર પાડ્યા સિવાય સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા સિવાય સોલિટરી ફર્મ -એજન્સી પાસેથી ખરીદી કરે છે. ટ્રાન્સપરન્ટ ખરીદી કરતે નથી.” રાજુએ બિલ્ડર વિરુદ્ધ બળાપો-બખાળો ઠાલવ્યો

“ રાજુ ,બિલ્ડર જે એજન્સી પાસેથી ખરીદી કરે છે તેનું નામ છે - એમેઝોન. આપણી મેક ઇન ઇન્ડિયા કે સ્ટાર્ટ અપ પ્રોજેકટવાળી ઉંચી કિંમત રાખતી કંપની પાસે ખરીદી ન કરીને આત્મ નિંભર કંપનીને શોષણની તક આપતો નથી” મેં રાજુના અંતરાત્માને ઢંઢોળ્યો . રાજુ રદી બમણા પ્રવેગથી હાથ ઉલાળતો ,ચરણબાવળ જોરશોરથી પછાડતો બુલંદ ખોખરા ખટારા જેવા અવાજે નહી ચલેંગી ,નહી ચલેંગી , બિલ્ડર તેરી તાનાશાહી નહી ચલેંગી, વી વોન્ટ જસ્ટિસના નારા લગાવતો મારા ઘરમાંથી વિદાય થયો!!!!

ભરત વૈષ્ણવ

# પાટણના રસણીયાવાળા ચામુંડા માતાના મંદિર પાસે જર્જરિત મકાન ધરાશાયી

પાટણ શહેરમાં અનેક જાહેર માર્ગો પર પડવાના વાંકે જર્જરીત મકાનો ઊભા હોવા છતાં પણ પાલિકા તંત્ર દ્વારા તેને દૂર કરવાની કોઈપણ પ્રકારની કવાયત હાથ ન ધરતા સહેરીજનો કેટલીક વાર આ રસ્તા ઉપર થી મોતના મુખમાંથી પસાર થવાની ફરજ પડતી હોય છે, ત્યારે પાટણ શહેરના રસણીયાવાળા ચામુંડા માતાના મંદિર પાસે જાહેર માર્ગ પર વર્ષોથી પડવાના વાકે એક જર્જરીત મકાન ઉભો હતો, ત્યારે આજે બપોરના સુમારે આ જર્જરિત મકાન મુખ્ય માર્ગ પર ધરાશાહી થતા સદનસીબે મોટી જાનહાની ટળી હતી.

જો કોઈ આ રસ્તા પરથી રાહદારી કે વાહન ચાલક પસાર થયો હોત તો મોટી જાનહાની થવાની શક્યતાઓ પણ નકારી શકાય તેમ નથી ત્યારે આ જર્જરીત મકાન મુખ્ય માર્ગ પર ધરાસાઈ થતાં આવવા જવાનો મુખ્ય માર્ગ બંધ થઈ જવા પામ્યો હતો ત્યારે આ મુખ્ય માર્ગ પર પાર્ક કરેલ જયુપીટર પર મકાન નો કેટલોક કાટમાળ પડતા તેને પણ નુકસાન થવા પામ્યું હતું .જવાહર બેન્ડ નો કેટલોક સર સામાન મકાન ના ઉપરના ભાગે પડેલો હોય મકાન ધરાસાઈ થતાં તેઓનું તમામ સર સામાન કાટમાળની નીચે દબાઈ જવાથી બે થી અઢી લાખ રૂપિયા જેટલો નુકસાન થવાની પણ સલીમભાઈ શીખે ભીતી સેવી હતી, તો જવાહિર બેન્ડ ના સંચાલકો આ પડી ગયેલા મકાનની નીચે જ બેસતા હતા પરંતુ આજરોજ તેઓ બેઠા ન હતા ત્યારે જ મકાન પડતા તેઓનો આબાદ બચાવ પણ થયો હતો

# વિશ્વવિદ્યાલયો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર અને મનુષ્ય નિર્માણના કેન્દ્રો છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

ભારતના ઋષિ-મનીષીઓના જ્ઞાનવારસાને આજે દેશના વિવિધ વિશ્વવિદ્યાલયો આગળ ધપાવી રહ્યા છે. આ વિશ્વવિદ્યાલયો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર અને મનુષ્ય નિર્માણના કેન્દ્રો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તૃતિય પદવીદાન સમારોહમાં દિક્ષાંત પ્રવચન આપતાં કહ્યું હતું કે, તત્વતઃ જ્ઞાન અથવા શિક્ષણ જ છે જે મનુષ્ય અને પશુ; બન્નેને અલગ પાડે છે. પ્રકૃતિએ બનાવેલા બન્ને સર્જનોમાં મનુષ્યની શ્રેષ્ઠતા જ્ઞાનના કારણે જ છે. વિશ્વવિદ્યાલયો આ જ્ઞાનસાધનાના વાહક છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું કામ યુનિવર્સિટીના માધ્યમ થકી થઈ રહ્યું છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને સોમનાથ મંદિર પાસે આવેલ શ્રી રામમંદિર ઑડિટોરિયમમાં આજે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો તૃતિય પદવીદાન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો અને અનુસ્નાતક ભવનોમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરનાર ૫૦,૩૨૩ વિદ્યાર્થીઓને ડિગ્રી, ૭૨ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને ૧૪૬ વિદ્યાર્થીઓને પીએચ.ડીની પદવી એનાયત કરવામાં આવી હતી. આ સાથે એક ડિ.લીટ. અને એક ડિ.એસસી.ની માનદ પદવી પણ એનાયત કરવામાં આવી હતી.

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ દીક્ષાંત ઉદબોધનમાં પરાપૂર્વના કર્મબંધનોની વાત કરીતાં કહ્યું હતું કે, પૃથ્વી પર જ્યારે મનુષ્યરૂપે અવતાર લીધો છે ત્યારે પરભવના ઋણ ચૂકવવાનો અવસર મળ્યો છે, તેમ માનીને ધરતી પર પર્યાવરણનું પ્રદૂષણ અટકે અને ધરતી પહેલાં હતી એવી જ બની રહે તેવું દાયિત્વ દરેક મનુષ્યએ નિભાવવું જોઈએ. કોરોનાકાળમાં-એક મહિનાના લૉકડાઉન દરમિયાન વગર પ્રયત્નોએ ગંગા-જમનાના જળ શુધ્ધ થયાં હતાં, જંગલો ફરીથી પશુપક્ષીઓથી ધબકતાં થયાં હતાં. જેનો અર્થ એ છે કે, આપણે આપણાં વિચારો, સંસ્કૃતિ અને ખાન-પાનની આદતના કારણે તેને કલુષિત કર્યાં છે. યુનિવર્સિટી દ્વારા મેળવેલા જ્ઞાનના આધારે આ ગરબડને દૂર કરવાની નિતાંત આવશ્યકતા તેમણે આ પ્રસંગે વર્ણવી હતી.

રાજ્યપાલશ્રીએ ભારતીય પરંપરામાં સોળ સંસ્કારોના સિંચનની વાત કરવામાં આવી છે, તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, દુનિયામાં આજે જ્યારે સત્ય પર બુરાઈનું આધિપત્ય વધવા લાગ્યું છે. ભ્રષ્ટાચાર ક્યાંક ને ક્યાંક જોવા મળે છે ત્યારે આપણે મેળવેલા જ્ઞાનથી સમાજમાં ફેલાયેલી આ બદીઓને દૂર કરવાની આપણી સામૂહિક જવાબદારી છે.

પહેલાંના સમયમાં અધ્યાપકોની પ્રજ્જવલિત ચિરાગ, પવિત્રતાની મૂર્તિ અને પ્રેરણા માનીને વિદ્યાની પૂજા થતી હતી, તેવા જ્ઞાનવારસાનું પુનઃસ્થાપન કરવાની આજે જરૂર છે. યુનિવર્સિટીમાંથી નીકળેલો વિદ્યાર્થી રાષ્ટ્ર માટે એક ધરોહર બને, એક પૂંજી બની રહે અને સમાજ પ્રત્યે સમર્પિત જીવન વ્યતિત કરે તે જરૂરી છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, આજે સૌના મન સંકિર્ણ થતાં જાય છે. શિક્ષણ માત્ર પૈસા કમાવવાનું માધ્યમ માનવામાં આવી રહ્યું છે. સૌ પોતાના અધિકારોની વાત કરે છે. તેવા સમયે પોતાના કર્તવ્યધર્મને નિભાવી રાષ્ટ્રનિર્માણ માટે સંકલ્પબદ્ધ થવાની શક્યતા છે.



ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં મોટી સંખ્યામાં દીકરીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યાં હતાં, આ જોઈને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજના બદલાયેલા પરિદ્રશ્ય પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે ભૂતકાળમાં વિદેશી આક્રાંતાઓના કારણે કઈ રીતે મહિલાઓનું દમન કરી શિક્ષણથી વંચિત રાખી ઘરની ચાર દિવાલોની અંદર દબાવી દેવામાં આવી હતી. તેના ઉદાહરણો સાથે ભૂતકાળ તાદ્રશ્યરૂપે રજૂ કર્યો હતો. આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી છે. ફાઈટર પ્લેન ઉડાવવા સુધીની સિદ્ધિઓ મહિલાઓએ મેળવી છે અને હવે તો નેશનલ ડિફેન્સ એકેડમીમાં પણ મહિલાઓના પ્રવેશ માટેના દ્વાર ખૂલી ગયાં છે, તેવી મોકળાશ આ દેશમા ઉભી થઈ છે. તેની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ - ૨૦૪૭ પહેલાં ભારતને વિકસિત બનાવવા માટેના આહ્વાનને ઝીલી આજના વિદ્યાર્થીઓ સુરક્ષિત અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે કટિબદ્ધ થાય તેવી ખેવના પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ પરોપકાર, દયા-ભાવના અને અનુકંપાના ભાવ સાથે સમાજને આગળ વધારવા, દેશની પરંપરાને આગળ વધારવા માટે ઉત્તિર્ણ થયેલા અથવા શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરેલા વિદ્યાર્થીઓ આગળ આવે તે માટે અનુરોધ કર્યો હતો.

શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ આજે વિદ્યાર્થીઓ માટે ડિગ્રી પ્રાપ્ત કરવાનો ઉત્સવ છે. તેમણે અહીંયા મેળવેલું જ્ઞાન સમાજશ્રેયાર્થે વાપરે તે માટે ઉપસ્થિત વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. ભક્ત કવિ નરસિંહ મહેતા દ્વારા ગવાયેલા અને સમાજમાં શાશ્વત રૂપે આજે પણ ગવાતા ‘વૈષ્ણવ જન તો તેને રે કહીએ...’ ને ધ્યાનમાં રાખીને પરપીડાને પોતાની પીડા સમજે તેવા વિદ્યાર્થીઓનું સર્જન કરવું તે આજના સમયની માંગ છે, તેમ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, જ્ઞાનની હંમેશા પૂજા થવી જોઈએ. આ માટે તેમણે નચિકેતા અને સ્વામી વિવેકાનંદના ઉદાહરણ આપીને મૂલ્યનિષ્ઠ જીવન કેવી રીતે જીવી શકાય અને વિદ્યાર્થીઓએ મેળવેલી ડિગ્રીને જ્ઞાનના પ્રકાશથી નવો રંગ કેવી રીતે ચડાવી શકાય તે વિશે વિસ્તૃત સમજણ આપી હતી.

સમાજમાં સત્યનું આચરણ થાય, સામાજીક સમરસતા જળવાય તેવા કર્તવ્યનું નિર્વહન કરે તેવા તેજસ્વી-ઓજસ્વી અને હિંમતવાન વિદ્યાર્થીઓનું નિર્માણ આવી યુનિવર્સિટીઓના માધ્યમથી થઈ રહ્યું છે. તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પી. કે. લહેરીએ વિદ્યાર્થીઓને સંદેશો આપતાં જણાવ્યું હતું કે, ‘નહી માફ નીચું નિશાન’ની ઉક્તિ અનુસરીને હંમેશા ઉંચા વિચાર રાખશો અને પ્રયત્ન કરશો તો ધાર્યું લક્ષ્ય મેળવી શકશો. શિક્ષિત બની અને હંમેશા માનવીય સંવેદનાને અનુસરવી જોઈએ. આ યુનિવર્સિટી સાથે ભક્તકવિ નરસિંહ મહેતાનું નામ જોડાયેલું છે. જેમના પ્રભાતિયાથી ગામેગામની સવાર પડતી હતી. તેમનો સંસ્કાર વારસો આ નવી પેઢીમાં ઉતરવો જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, આદ્યાત્મ અને કૃષ્ણશૃંગારની ભક્તિ કરી છે એવા નરસિંહ મહેતાનું જીવન આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. શિસ્ત અને સંયમથી જ જીવનમાં સફળતા મેળવી શકાય છે. આપણે જે પ્રાપ્ત કર્યું છે તેને આગળની પેઢીને આપવું જોઈએ એવો સંદેશો તેમણે વિદ્યાર્થીઓને આપ્યો હતો.

સ્વાગત પ્રવચન કરતાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, પ્રથમ જ્યોર્તિલિંગ એવા ભગવાન સોમનાથના આંગણે આજે આ સમારોહ ઉજવાઈ

આભાર - નિહારીકા રવિયા રહ્યો છે, જે આપણા સૌ માટે ગર્વની વાત છે. આ સાથે જ તેમણે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા શૈક્ષણિક કાર્યોની વિગતો રજૂ કરી ગીર સોમનાથ જિલ્લાના બે મહાનુભાવોને પ્રથમવાર ડિ.લીટ અને ડી.એસસી.ની પદવી એનાયત કરવામાં આવી રહી છે

# ગાંધીનગરના ખોરજ-અમદાવાદ હાઈવે રોડ પર બે મહિલાઓને અડફેટે લઈ કાર ચાલક ફરાર




ગાંધીનગરના ખોરજ ગામની સીમ ભારત પેટ્રોલ પંપ સામેના હાઈવે રોડ ક્રોસ કરતી બે સગી બહેનોને કારનો ચાલક પોતાની કાર પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી અડફેટ લઈ નાસી ગયો હતો. આ અકસ્માતોમાં ગંભીર રીતે ઘાયલ બે બહેનો પૈકી ૫૭ વર્ષીય વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નિપજતા અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના ઘાટલોડિયા રામજી મંદિર પાસે ઠાકોર વાસમાં રહેતા રાજેશ કનુભાઈ પંચાલ ઓગણજ પાસે આવેલ એક હોટલમાં સિક્યુરિટીની નોકરી કરી ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારના આશરે સાડા નવ પોણા દશેક વાગ્યાની આસપાસ રાજેશ અને તેનો ભાઈ ઘરે હાજર હતા. એ વખતે તેના મામી કૈલાસબેન ભીખાભાઈ પંચાલે (રહે હાલ બી ૬૧, સ્વામિનારાયણ સોસાયટી, કેનાલની બાજુમાં, નિકોલ) ફોન કરીને જાણ કરેલી કે, આશરે સાડા નવેક વાગ્યાની આસપાસ તેઓ તેમજ શારદાબેન કનુભાઈ પંચાલ તથા રંજનબેન રાજેશભાઈ પંચાલ એમ ત્રણેય જણા ખોરજ ગામેથી રિક્ષામાં બેસી હાઈવે રોડ ઉપર ભારત પેટ્રોલ પંપ આગળ હાઈવે રોડ ઉપર ઉતર્યા હતા. ત્યાંથી અમદાવાદ ગાંધીનગર હાઈવે રોડની સાઈડ ક્રોસ કરી સામેની સાઈડ જવા ચાલતા રોડ ક્રોસ કરતા હતા. તે વખતે એક ફોરવીલ ગાડીના ચાલકે પોતાની ગાડી પૂર ઝડપે હંકારી શારદાબેન તથા રંજનબેનને ટક્કર મારી નાસી ગયો હતો. અકસ્માત થતાં રાહદારીઓ એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંને બહેનોને સોલા સિવિલ લઈ આવ્યા છીએ.

આ જાણીને રાજેશ અને તેનો ભાઈ સોલા સિવિલ દોડી ગયા હતા. જ્યાં તેની માતા શારદાબેનને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થયેલી હતી. તેમજ શરીરે જમણા હાથે ખભાના ભાગે તેમજ જમણા પગે ફેક્ચરની ઈજા થયેલ હતી. તેમની સાથેના તેના માસી રંજનબેન રાજેશભાઈ પંચાલને પણ જમણા પગે ફેક્ચર તેમજ શરીર અન્ય છોલાયેલાની વધતી ઓછી ઈજાઓ થઇ હોવાનું માલુમ પડયું હતું. જો કે, બપોરે શારદાબેનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વલ્લભ વેદાંત દર્શન

ભક્ત કવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવજનના જે લક્ષણો જણાવ્યા છે, તેના પરિપ્રેક્ષ્યમાં મૂલવીએ તો શ્રી. ભરતભાઈ સાંગાણીને આપણે એક પરિપૂર્ણ વૈષ્ણવજન તરીકે સ્વીકારવા જ પડે. સ્નેહી બંધુ સમાન શ્રી. ભરતભાઈનો પરિચય મને આશરે છેલ્લા બે વર્ષ પહેલાં જ થયો. તેમની શ્રી કૃષ્ણ ભક્તિની રચનાઓ મને આકર્ષી ગઈ, મનને સ્પર્શી ગઈ. તે ઉપરાંત પણ, તેમના અન્ય સાહિત્યીક લેખો અને કાવ્યોને માણવાની સાનંદ મજા આવવા લાગી. ધીરે ધીરે તેમની સાથે પરિચય વધતો ગયો અને હું તેમની સાથે એક અલૌકિક પ્રકારની સ્નેહગ્રંથિથી જોડાઈ ગયો. "વલ્લભ વેદાંત દર્શન" એક પુસ્તક નથી, પરંતુ ભગવદ્ ગીતા કે રામાયણની કક્ષામાં મૂકી શકાય તેવો એક ધાર્મિક અને આધ્યાત્મિક ગ્રંથ છે. આથી જ હું તેને પુસ્તકને બદલે ગ્રંથ કહીશ. આ ગ્રંથને હું જેમ જેમ વાંચતો ગયો, તેમ તેમ તેમાં રહેલા આધ્યાત્મિક જ્ઞાન અને બોધમાં ઓતપ્રોત થતો ગયો. વેદાંત જેવા ગૂઢ અને ગહન વિષય ઉપર પણ, કેટલું સરળ અને સાહજિક આલેખન કરવા શ્રી. ભરતભાઈ સક્ષમ છે, તેની સાક્ષાત્ પ્રતીતિ શબ્દે શબ્દે થતી ગઈ.




સાંપ્રત સમયમાં, સનાતની મૂલ્યોનો ક્રમશઃ હ્રાસ થઈ રહ્યો છે અને જન સાધારણ આ મૂલ્યોથી વિમુખ થતાં જોવા મળે છે. બીજી તરફ, પાશ્ચાત્ય સંસ્કૃતિ, આચાર - વિચાર અને રીતિ રિવાજોનો પ્રભાવ વધતો જાય છે. આપણી આજની પેઢી આપણા ઋષમુનિઓ, તપસ્વીઓ અને મહાત્માઓએ પ્રદાન કરેલા સનાતની મૂલ્યોનો ઉપહાસ કરે છે. આવા સમયે સનાતની મૂલ્યોની જાળવણી અર્થે; શ્રી. ભરતભાઈ સાંગાણીએ "વલ્લભ વેદાંત દર્શન" ગ્રંથ પ્રકાશિત કરવાનો જે નાનકડી પહેલ કરી છે, તે ખરેખર સ્તુત્ય અને સરાહનીય છે.

"વલ્લભ વેદાંત દર્શન" ગ્રંથ અંતર્ગત શ્રી. ભરતભાઈએ આપણને શ્રી વલ્લભાચાર્યજીના જીવનનું દર્શન તો કરાવ્યું જ છે. તે ઉપરાંત, તેઓશ્રીએ આપેલા બોધ, ઉપદેશો, સૂત્રો વગેરેનું ખૂબ સાહજિક અને સરળ શબ્દોમાં નિરૂપણ કરેલું છે. શ્રી વલ્લભાચાર્યજીના ઉપદેશોને વિવિધ પ્રકરણોમાં તાર્કિક રીતે સાંકળી લઈ, દાખલા, દલીલો અને ઉદાહરણો સહિત એક સક્ષમ શિક્ષકની માફક સરળતાથી, સુપેરે સમજાવ્યા છે. આ ગ્રંથમાં માત્ર વેદાંતનું જ દર્શન નથી, પરંતુ માનવ જીવનના ઉત્કર્ષ અને ઉદ્ધારનું પણ કરાવવામાં આવ્યું છે. શ્રી. ભરતભાઈના આ પ્રયાસને હું હૃદય પૂર્વક કોટિ કોટિ વંદન કરું છું. અંતમાં, "વલ્લભ વેદાંત દર્શન" ગ્રંથ ખૂબ જ બહોળા પ્રમાણમાં વિતરિત થાય, વંચાય, વખણાય તથા લોક ચાહના પ્રાપ્ત કરે એવી હાર્દિક શુભેચ્છાઓ સહ મારી કલમને વિરામ આપું છું. જય શ્રી કૃષ્ણ.

મુકુલચંદ્ર શાંતિલાલ દવે "સનમ",
અમદાવાદ.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




દ્ર્દ જીજી દ્ર ૩૭૨
વિષયઃ- સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભ્રમ.
શીર્ષકઃ- નાત જાતના ભેદભ્રરમ.

નાત જાતના ભેદભ્રરમ,
સૌ માયાજાળ મનખાની..
શબરીના જુઠા બોર જોઈ લો,
પ્રભુ રામ આરોગતા ભાવથી..

માનવે જાતે મૂલ્યો આંક્યા,
સનાતનીમાં ભેદ પાડ્યા..
ભેદ પાડીનેય ક્યાં અટક્યો?
પેટા જાતિના વાડા પાડ્યા..

છેલ્લે છેલ્લે ગાંધી પણ જોઈ લો,
જનજાગૃતિમાં લાગી પડ્યા..
દેશ આખાનો સમાજ રચી,
સૌ ભારતીયને એક કોમમાં ઢાળ્યા.

-સંજય બી. મહેતા 'પરિમલ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No : 109
શિર્ષક :-ભગવો
પ્રકાર :-પધ

અભેદ દિવાલો કરી
માણસ તો જુવો
ભીતર ભવાઈઓ કરે
ને રાસડા રમે
કયારે રમાયા હોય ના

ને ઠુંમકામાં લયસ્તરો
લઈ આવે
ગોકુંળની પાગલ ગોપીઓ જેવા
આંધળી આડેધડ દોડે
ને અથડાય
ધડાક કરતી દિવાલે
નિસ્તે જ આંખો હોય ના

જાદુ ફરીવળ્યો સંસારે
ભસ્મનાના ભરમનો
ભભૂતિ ધૂળની ડમ્મરીઓ જેમ ઊડે
ને તાંડવ કરે શિવાનંદ
જાણ ઉંચકી હિમાલય
બેઠો ટેકરી ગોખમા
સ્હેજે ભગવો સ્પર્શ્યો હોય ના !!!

બાબુ સંગાડા"મહેક"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG. SS No: 194
વિષય : સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભ્રરમ
શીર્ષક : સનાતન ધર્મ અને જાતિવાદ.. આજની નજરે.
પ્રકાર : ગદ્ય, શબ્દ : ૩૪૯

આપણી હિન્દુ સંસ્કૃતિના પાયામાં સનાતન ધર્મનો સ્વીકાર થયો છે. 'આદિ શંકરાચાર્ય 'એના સ્થાપક અને પ્રચારક હતા એવું માનવામાં આવે છે. એમણે ભારતની અંદર ચાર મઠોની સ્થાપના કરી હતી જે સનાતન ધર્મના પ્રચાર પ્રસાર અને સામાજિક ઉત્થાનનું કામ કરે છે.

ધર્મ એટલે શું? એનો ઉત્તર કંઈક આજના જમાનાના અનુસંધાને એવો હોઈ શકે કે... "વિકસતા જતા માનવીની જરૂરિયાતની પરિપૂર્તિ,એના માનસિક વિકાસ માટેનું બળ તેમજ એને સંપૂર્ણપણે વિકસિત અવસ્થા તરફ લઈ જાય એ ધર્મ." ભૂતકાળના વર્ષોમાં આજના જમાના જેવી શોધખોળ નહોતી. સુદ્રઢ સ્વરૂપે સામાજિક વ્યવસ્થાના સંચાલન માટે વર્ણ વ્યવસ્થા અને જાતિવાદની સંરચના સ્વીકારાઈ હતી. મર્કટ જેવા મન ધરાવતા માનવીએ એને પોતાની ઈચ્છા અનુસાર સગવડીયો રાહ આપી ધર્મનું મોહરું પહેરાવી દીધું છે.

આજે સમાજની અંદર શિક્ષણનું સ્તર સુધર્યું છે. મહાન સંત શ્રી નારાયણ ગુરુએ આ જાતિવાદને દૂર કરવા "એક જાતિ,એક ધર્મ અને એક ભગવાન" એવું સૂત્ર આપી આખા કેરાલાને સાક્ષર કર્યું. સનાતન ધર્મના મૂળમાં શ્રીરામ છે.એમણે જ એક આદિવાસી સ્ત્રી શબરીના એઠા બોર ખાધેલા. નાવિક જે હલકી વર્ણનો ગણાતો એનો જ હાથ પકડીને તેની નાવમા બેસી પ્રભુ શ્રી રામે નદી પાર કરી હતી. આ સૂચિત કરે છે કે ઈશ્વર તો દરેક જીવમાં વસેલો છે. આપણે જેની પૂજા કરીએ છીએ એજ લોકોએ આ જાતિવાદને તરછોડ્યો છે.છતાં વોટ બેંકના નામે લોકોને ભડકાવવાની પ્રક્રિયા અટકાવવી એ સાચો સનાતનની ધર્મ છે. વ્યક્તિને જન્મ ક્યાં લેવો એ એના હાથમાં નથી?

આજે આપણા ઘેર આવતો પ્લમ્બર, મિકેનિક, કે બીજો કોઈ પણ કર્મચારીની આપણે જાતિ નથી પૂછતા. એનું કર્મ મહત્વનું ગણીએ છે. આજે વેપાર તેમજ વાણિજ્ય જગતમાં, કાર્યપ્રવૃત્તિ,ઓફિસોમાં તો તમારી આજુબાજુ નાતજાતની પરવા વગર લોકો કામ ધંધો કરતા હોય છે. છતાં ઈશ્વર પ્રત્યે સમર્પિત છે અને સમાજના ઉદ્ધાર માટે પોતાનો ફાળો આપે છે એ સનાતન ધર્મ છે .

સમગ્ર મનુષ્યજાતિ એક જ છે એવું સ્વીકારાય એ જ સાચું શિક્ષણ છે. અમુક ચોક્કસ વર્ણના લોકોને અપાતા લાભ જ્ઞાતિ તરફી હોવાને બદલે મનુષ્ય તરફ દ્રષ્ટિ રાખી અપાય એ સનાતન ધર્મ છે .શું ઉચ્ચ જ્ઞાતિના ઘરમાં પણ અછત કે અભાવની પરિસ્થિતિ ન હોઈ શકે?. તો એને જીવન જીવવા માટે એના સંતાનના વિકાસ માટે લાભ મળવાજ જોઈએ એ સનાતન ધર્મ છે.
મારા એક સૂત્રથી હું મારા લેખનું સમાપન કરીશ.
" મનુષ્ય જાતિ એ જ મહત્વની, સનાતન ધર્મના આધારે કરો રચના ઉત્તમ સમાજની "
ખ્યાતિ જીગર દેસાઈ. ( અમદાવાદ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### Nog SS No- 162
વિષય- સનાતન ધર્મમાં જાતિવાદના ભેદ ભરમ
શીષઁક- જાતિનો ભેદભાવ
પ્રકાર - ગધ, શબ્દ-૫૫

સમાજમાં સનાતન ધર્મ જાતિ
ભેદભાવ તેમજ નાત જાત ના
અનેક ભેદભાવનાં લીધે
આપણા ભારત દેશમાં ઠેક
ઠેકાણે મારા તારી નો અને અંદરો અંદર લડાઈ જગડા ના કારણો
ખૂબ જોવા મળે છે
ધર્મના નામે પણ સાધુ સંત બાવા સાધુ ના નવા નવા અખાડા
ઠેક ઠેકાણે ફુટી નીકળેલા.એમા સાચા સંતોનો કે સારા માણસોની
એક થવાની ભાવના ઉડી ને આંખે વળગે છે
પણ કહેવાય છે ને કે સાચા નો જમાનો રહ્યો નથી.
તો પણ આપણો દેશ કોશિષ કરવા ખૂબ પ્રયત્નો કરી એકમેક
થવા ની જબરી તૈયારી સાથે આગળ આવી રહ્યું.

રેખા નાકરાણી ।નવી મુંબઈ .??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO 224
વિષય :- "સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભ્રરમ"
શીર્ષક :- સનાતનનો જયઘોષ
પ્રકાર :- ગદ્ય-શબ્દ :- ૩૪૩

આ સપ્તાહના વિષયનું શીર્ષક જ ચિંતિત કરનારું અને દુઃખદ છે. સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભ્રરમ હતા નહીં, છે નહીં અને હશે પણ નહીં. માનવતા એ સનાતન ધર્મ માટેની પ્રાથમિક લાયકાત છે. સનાતન ધર્મ આધ્યાત્મના ઊંડા સાગરમાં ડૂબકી મારી મોતી શોધવાની અને કાઢવાની વાત કરે છે. જાતિ એ મોટાભાગે વ્યવસાય આધારિત અને વારસાગત ઉતરી આવેલું એક સામાજીક માળખું છે, જે કમનસીબે ખાસ સામાજીક નિયમો અને પ્રતિબંધો ધરાવે છે. આ વિસંવાદિતાને કાળક્રમે રાજકારણ, ધર્મ અને વોટબેંકની સાથે જોડવામાં આવી અને ખંધા રાજકારણીઓએ સનાતન ધર્મ ઉપર પ્રહાર કરી જાતિવાદનું ઝેર પ્રસરાવવાની શરૂઆત કરી.

આને કારણે જાતિ આપણી રોજિંદી વાતચીતનો ભાગ ગઈ. આપણી આસપાસ જાતિને લઈને જે ચર્ચાઓ થઈ રહી છે તેના કારણે આજે જાતિ પર આધારિત ચેતના અને આ મુદ્દાની સંવેદનશીલતા વધી છે. જાતિનો ખ્યાલ દુનિયાના તમામ ધર્મોમાં રહેલો જ છે. મહદઅંશે સમૃદ્ધ વર્ગ સંબંધિત લોકો એ વાત પર ભાર આપે છે કે જાતિવાદ કોઈ મોટી સામાજિક સમસ્યા નથી કારણ કે જાતિ આધારિત ભેદભાવ સમાપ્ત થઈ ગયો છે. પરંતુ આ બધા તેમના ઘરમાં જ લગ્નની વાત આવતાં માત્ર તેમની જ્ઞાતિમાં જ જીવનસાથીની શોધ શરૂ કરી દે છે. અંગ્રેજી, ગુજરાતી અખબારોમાં વૈવાહિક જાહેરાતોની કૉલમ જાતિના આધારે જ વહેંચાયેલી હોય છે અને લોકો માત્ર પોતાની જાતિના વર કે વધૂને શોધે છે. જો કે આ માનસિકતા જાતિના ભેદભાવના બદલે વરસોથી ચાલી આવતી પરંપરામાંથી મુક્ત ના થઈ શકવાની મજબૂરી છે. જે માળખામાં સતત ઘરપરિવાર રહ્યો હોય એમાં કદાચ બીજી જ્ઞાતિની છોકરી ગોઠવાઈ ના શકે એ માન્યતાને જાતિના ભેદભાવ સાથે સાંકળવી એ નરી અજ્ઞાનતા છે. વર્તમાન સમયે તમામ જ્ઞાતિઓમાં આંતરજાતીય લગ્નો પુષ્કળ પ્રમાણમાં વધી રહ્યા છે, જે દર્શાવે છે ધર્મને બદનામ કરવાના આશયથી ફેલાવેલ ઝેરને આજનું જનરેશન નેસ્તનાબૂદ કરી રહ્યું છે.

માનવજન્મ મળ્યા પછી ઉપાસના, સાધના, પૂજા પાઠ કે ધ્યાન થકી બ્રહ્માંડની ઈશ્વરીય ચેતના પોતાનામાં ગ્રહણ કરી મહામાનવ બનવાની સમજ સનાતન ધર્મ શીખવે છે. આ પ્રતિબધ્ધતા હોય ત્યાં જાતિવાદ કેવી રીતે હોય? સનાતન એટલે આદિ અનાદિ કાળથી ચાલ્યું આવતું હોય એ. વરસો પહેલાં પણ જાતિ એક વ્યવસ્થા હતી અને આજે પણ છે. હા, વૈશ્વિક ઐક્ય બાદ આ વિચારસરણી ઉસરપાટો બોલાવી રહી છે અને સમગ્ર વિશ્વ જાણે કે મહાપરાણે પહેરાવેલા જાતિવાદના અંચળાને સહેલાઈથી ફગાવી રહ્યું છે.

આલેખન :- પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ '

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG NO.0059
વિષયઃસનાતન ધર્મ અને જાતીવાદના
ભેદભરમ
પ્રકાર ગધ્ય લેખ...શબ્દો :૨૩૫
શીર્ષક એકતા એજ તાકાત
લેખક જયકાન્ત ઘેલાણી.પ્યારે

આજ દિવસ-રાત વધતાં જતાં ભેળ સેળના જમાનામાં માનવી ધર્મમાં પણ ભેળ સેળ કરવા લાગ્યો છે,જે ભવિષ્યમાં ઘણા ખતરનાક સમયના એંધાણને નોતરી રહ્યો છે, સમયને નહીં ઓળખીએ તો 'પ્યારે', ફરી ગુલામીની જંજીરનું આગમન
નિશ્ચિત છે.જીવનમાં ભેળસેળવાળી વસ્તુ કોઈને પસંદ નથી તથા આરોગ્ય માટે પણ હાનિકર્તા છે. તેમ છતાં આજની ભૌતિકવાદની દોડમાં માનવીએ મને-કમને ભેળસેળને સ્વીકારવી જ પડે છે.
સનાતન ધર્મમાં કાળક્રમે
અગણિત ફેરફારો થયા છે, થઈ રહ્યાં છે અને થતાં રહેશે, કારણ સનાતન ધર્મમાં આવતા નવા સંતો પોતાને અનુકૂળ લાગે તે ફેરફારો કરતાં રહે છે. તેમજ અન્ય ધર્મમાં સમયને આધિન થતાં આવશ્યક પરિવર્તનને સહર્ષ સ્વીકાર કરીને તેનું અનુસરણ પણ જરુરી બને છે.
કોઈ પણ ધર્મના મુળભૂત
સિધ્ધાન્તો સાથેના ફેરફાર જે તે ધર્મના અનુયાયીઓમાં અસંતોષનુ વાતાવરણ સર્જે છે,જે આજે સનાતન ધર્મ ભોગવી રહ્યો છે.
જે ધર્મમાં જ્ઞાતિવાદને પંથવાદને પ્રોત્સાહન મળતું હોય તે ધર્મમાં કેન્સરનાં કીડાનું આગમન થયું છે તેમ તે ધર્મના અનુયાયીઓ સમજવું અતિ આવશ્યક!
આપણા અનેક ધર્મ, વળી તેમાં અનેક પંથ- ફાંટાઓ
ગામ કે શહેરની ગલી કે શેરીઓ કરતા પણ વધુ!
ભારતની અખંડતા ટકાવી
રાખવા ધર્મના નામે ચાલતા મત- મતાંતરોને હવે દફનાવી
આપણી એકતા અને અખંડિતતાનાં દર્શન
દુશ્મન દેશોને કરાવવા અનિવાર્ય છે.
હવે દરેક ધર્મના સંતોંએ
મત મતાંતરોને છોડી એકતાનુ બ્યુગલ વગાડી આપણી રાષ્ટ્રીય ભાવનાને ધારદાર બનાવી સમસ્ત વિશ્ર્વ ની પ્રજાને આપણી એકતાનો પરચો બતાવવોજ રહેશે.

રાષ્ટ્ર હશે તો ધર્મ રહેશે
પ્યારે' એકતાજ ઈલાજ

રાષ્ટ્ર ભાવના ને જે જાણે
પ્યારે તે જીવનસુખ માણે.

જયહિન્દ ????વંદેમાતરમ્.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No : 126
વિષય : સનાતન ધર્મ અને જાતિવાદના ભેદભ્રરમ.
શિર્ષકઃ જાતિવાદ ..શબ્દો :૩૫૦
નામઃ મોહનભાઈ પરમાર

સૌ પ્રથમ એક જ વર્ણ હતો , બધા માનવ એક સમાન હતા, પરંતુ કર્મ અને ક્રિયા ભેદથી ચાર વર્ણ પ્રતિષ્ઠિત થયા, મહાભારતનું વાક્ય છે.ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે, ચાર વર્ણની ઉત્પત્તિ જન્મથી નહિ પરંતુ વ્યકિતના ગુણને કર્મ પ્રમાણે છે.(ગીતા)

સૃષ્ટિના પ્રારંભમાં વિરાટ પુરુષના અંગથી બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્રની ઉત્પત્તિ કહ્યું છે તે ગુણાત્મક છે, ભગવાનના કારણશરીરની વાત છે.પરંતુ પંડિતોને સમજાતું નથી, દરેક માનવ માતાના ઉદરથી અને રજ વીર્યના સંયોગથી શરીર ઉત્પન્ન થાય છે. તે શરીર જન્મથી શુદ્ર છે, તે શરીર મૃત્યુ વખતે મડદું કહેવાય છે. તેને જે ધર્મ અનુસાર સંસ્કાર દ્વારા દ્વિજ કહેવાય છે એટલે જાતિના સંસ્કાર અપાય છે.

એવું વિશ્વના તથાકથિત ધર્મોમાં છે.પરંતુ તેથી કોઈ શ્રેષ્ઠ અને કોઈ નિમ્ન જાતિ કે વર્ણ/વર્ગનું થતું નથી.

સમાજમાં કર્મ પ્રમાણે પછી લોકો ઓળખતા ગયા . પરંતુ માનવ અંત્યજ અને અસ્પૃશ્ય બની ગયો એ આશ્ચર્ય ભરી વાત છે. વર્ણસંકરતા કેમ થઈ એ બધું સમજવું અઘરું છે,પણ પરિણામે ઊચ નીચ અને અસ્પૃશ્યતા નું કલંક સનાતન ધર્મને લાગ્યું.

ગાંધીજી, વિનોબા ભાવે, સંતો અને ડો.આબેડકરે જાતિવાદ દૂર કરવા પ્રયાસ કર્યો.પરંતુ પરિણામ નહિવત મળ્યું.

માનવીય મૂલ્યો સદગુણ પર આધારિત તમારા શુદ્ધ સાત્વિક કર્મો પર છે, જન્મ કે જાતિ ઉપર નહીં, એટલું સમજાય તો જાતિવાદ નો કીડો મૃત્યુ પામે. આ કાર્ય ધર્મ ગુરુઓ અને કથાકારોનું છે, તેમણે ભેદભાવ જાતિ વર્ણ છોડી જીવ અને શિવના સ્વરૂપે બધું આત્મ સ્વરૂપ છે એવી સમજણ આપવી જોઈએ.
મૃત્યુ પામ્યા પછી, દેહની કોઈ જાતિ કે ધર્મ હોતો નથી,એને મડદું કહેવાય છે કારણકે એમાં પ્રાણ અથવા જીવ હોતો નથી.જીવની કોઈ જાતિ કે ધર્મ હોઈ શકે ખરું?ભલા પંડિત કે જ્ઞાનીને આટલી વાત કેમ સમજાતી નથી એ આશ્ચર્ય છે.
જાતિવાદા કારણે દેશની એકતા અખંડિતતાને નુકસાન પહોંચ્યું છે. જાતિવાદી સંગઠનો પોતાની જાતિને જ લાભ મળે તેવા જ પ્રયાસો કરતા હોય છે.તેના કારણે બીજાના હક છીનવાઈ જાય છે.તેથી દેશ અને સમાજમાં અસંતુલન પેદા થાય છે.

આ દેશનો વિકાસ ત્યારે જ સંભવ છે જ્યારે સમ્યક ભાવ દર્શન આચરણમાં હશે,જાતિવાદનો અંત આવશે, ત્યારે ભારત ફરીથી વિશ્વ ગુરુ બનશે. સોનાની ચિડિયા બનશે. એ નક્કી છે.સનાતન ધર્મ કી જય હો.આ સત્ય સમજાયું જરૂરી છે.

## અઘારથી પાટણ તરફ જતી બસને ૧૪ શખ્સોએ હથિયારો બતાવી આંતરી એક સગીરાને અગાઉની અદાવતમાં જાનથી મારી નાખવાની ધમકીઓ આપી

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના અઘાર ગામમાં પાટણ તરફ જઈ રહેલી બસને ૧૪ જેટલા વ્યક્તિઓએ તલવાર ધોકા અને છરીઓ જેવા હથિયારો બતાવી આંતરી લીધા બાદ બસમાં બેઠેલી એક સગીરાને અગાઉ છેડવા બાબતની માફી માંગવાના મામલામાં અદાવત રાખી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ભારે હોબાળો મચી ગયો હતો. જેથી સરસ્વતી વાગડોદ નાયબ પોલીસ અધિક્ષક અને જિલ્લા એલસીબી અને એસઓજીની પોલીસો અઘાર ગામમાં દોડી આવીને મામલો થાળી પાડ્યો હતો. તેમજ ૧૪ આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી ૪ને ઝડપી પાડ્યા હતા.પ્રાપ્ત વિગતો મુજબ એક ગામમાં રહેતી અને પાટણમાં દરરોજ બસમાં અપડાઉન કરીને અભ્યાસ કરવા જતી એક વિદ્યાર્થિનીની અગાઉ અઘાર ગામના એક યુવકે છેડતી કરી હતી, તે વખતે સગીરાએ બોલાચારી કરતા યુવકે માફી તો માંગી લીધી હતી પરંતુ તેની અદાવત રાખીને તે અને તેના ૧૨થી ૧૩ જેટલા મિત્રોએ ગતરોજ અઘાર બસ સ્ટેશન પાસે જે બસમાં સગીરા સ્કૂલ તરફ જતી હતી તે બસને તલવારો ધોકા અને છરીઓ જેવા હથિયારો બતાવીને રોકી લીધી હતી અને સગીરાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોબાળો મચાવતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આ મામલે સગીરાની ફરિયાદને આધારે કુલ ૧૪ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.અઘાર ગામે ભારે હોબાળો મચી જતા સરસ્વતી અને વાગડોદ પોલીસ મથકની પોલીસ તેમજ સિદ્ધપુર નાયબ પોલીસ અધિક્ષક કે કે પંડ્યા તથા પાટણ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની પોલીસની ટીમો અને ગાડીઓનો કાફલો અગાર ગામે દોડી આવ્યો હતો અને ટોળાને વિખેરીને મામલો થાળી પાડ્યો હતો.

## પાલનપુરમાં રેલવેના અધિકારીઓએ પથ્થરબાજી સહિતની ઘટનાઓને રોકવા માટે લોકોને વિગતવાર માહિતી આપી

રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા પાલનપુર ખાતે જન જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં રેલવેના અધિકારીઓ દ્વારા એચ.આર.ઓ,સી.આર.ઓ તેમજ પથ્થરબાજી જેવી ઘટનાઓને રોકવા માટે લોકોને વિગતવાર માહિતી આપવામાં આવી હતી.રેલવે લાઇનની આજુબાજુ રહેતા લોકોને પોતાના પાલતુ પ્રાણીઓને રેલવે લાઇનથી દુર રાખવા અને અવર-જવર માટે રેલવે લાઇન ન ઓળંગવા તેમજ પોતાના બાળકોને રેલવે લાઇનથી દુર રાખવા અને રેલવે ટ્રેન પર પત્થર ન ફેંકવા અંગે વિગતવાર



સમજણ આપવામાં આવી હતી. આ સાથે રેલવે લાઇન ઓળંગવી, રેલવે લાઈન પર પાળતુ પ્રાણી લાવવા, રેલવે ટ્રેનો પર પથ્થર ફેંકવા વગેરે બનાવોના કિસ્સામાં રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા કરવામાં



આવતી કાયદેસરની કાર્યવાહી અંગે લોકોને માહિતી અપાઈ હતી. સબ ઈન્સ્પેક્ટર રામફૂલ મીણા, નારાયણભાઈ, જગદીશ દેસાઈ વગેરે અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# શ્રી વી.એમ. સાકરિયા મહિલા કોલેજમાં રોજગારલક્ષી માર્ગદર્શન સેમિનાર યોજાયો



ન્યૂઝ ઓફ ગાંધીનગર:ભાવેશ પરમાર (બોટાદ)

સ.વ.પ. એજયુ. અને ચેરી ટ્રસ્ટ બોટાદ સંચાલિત શ્રી વી એમ સાકરિયા મહિલા કૉલેજ ખાતે આજ રોજ તા. ૨૬/૦૯/૨૦૨૪ ના ૧૦:૩૦ કલાકે જિલ્લા રોજગાર કચેરી,બોટાદ દ્વારા રોજગારલક્ષી માર્ગદર્શન તેમજ વિદેશ અભ્યાસ માટેની પ્રક્રિયા દર્શાવવામાં આવી હતી. અત્રેની કચેરીમાંથી પધારેલ અધિકારીઓ દ્વારા સુંદર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બંને કૉલેજના આચાર્યશ્રી, સમગ્ર સ્ટાફ તેમજ સમગ્ર વિદ્યાર્થિની બહેનોની હાજરી નોંધનીય બની રહી હતી. સમગ્ર કાર્યક્રમ એન.એસ.એસ. યુનિટ હેઠળ યોજાયો હતો. આર્ટ્સ કૉલેજના આચાર્યા ડૉ. શારદાબેન પટેલ તેમજ કોમર્સ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય જી.બી. રામાવતના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# બોટાદ જિલ્લાનાં કુંડલી કલસ્ટર સખી સંઘને ગરીબ કલ્યાણ મેળામાં રૂપિયા ૧૨.૫૦ લાખનો ચેક એનાયત



કમિશનર ઓફ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા અમલી કલસ્ટર લેવલ ફેડરેશન કોમ્યુનિટી ઇનવેસ્ટમેન્ટ ફંડ અંતર્ગત બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના કુંડલી ગામના કુંડલી કલસ્ટર સખી સંઘને ગરીબ કલ્યાણ મેળામાં રૂપિયા ૧૨.૫૦ લાખનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. જે બદલ કુંડલી કલસ્ટર સખી સંઘના દેવકુબેને પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ રકમ સખીમંડળની બહેનોને મળી રહી છે. જેના થકી આ બહેનો નાના-મોટા ધંધા રોજગાર શરૂ કરીને પોતાનું ગુજરાન યોગ્ય રીતે ચલાવી શકશે. ગરીબ કલ્યાણ મેળા થકી અમને આ સહાય મળી છે, જે બદલ અમે સરકારના આભારી છીએ.


# કોંગ્રેસના ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે રતનસિંહ ઉર્ફે (રતુભા ચાવડા)ની થયેલી નિમણૂક

ગાંધીનગર

હાથ સે હાથ જોડો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, રાજયના કન્વીનર ઈન્દ્રનીલ રાજયગુરુ ની મંજૂરીથી તથા પ્રદેશ મહામંત્રી સંગઠન મનોજભાઈ ભુપતાણીની સહમતિથી રતનસિંહ ચાવડા ઉર્ફે રતુભાની ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે નિમણૂક થતા ચર્ચાનો વિષય બન્યો છે, ત્યારે બોલકા અને ફાયર બ્રાન્ડ ની હાજરી હર હંમેશા દરેક કાર્યક્રમો તથા કાર્યાલય તમને જોવા મળે ત્યારે જીજે ૧૮ પંથકમાં તેમની નિમણૂકને અનેક લોકોએ વધાવી છે

# જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ખાચર સૂર્યદીપની બેવડી સિદ્ધિ

બાળકોમાં પડેલી અનેક સુષુપ્ત શકિતઓને બહાર લાવી એની પ્રતિભાને પારખી યોગ્ય રાહે સફળ બનાવવાના ઉચ્ચ વિચારને વેગવંતો બનાવતા શિક્ષણ પરિવાર ગુજરાત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી બોટાદ દ્વારા શ્રી દિનેશભાઈ દિહોરા સાહેબના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ×બાળ પ્રતિભા શોધ સ્પર્ધા× નું આયોજન કરવામાં આવે છે. ચાલું વર્ષની બોટાદ જિલ્લા કક્ષાની આ સ્પર્ધા શ્રી જે.એન.બી. જ્ઞાનમંજરી વિદ્યાપીઠ બોટાદ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં બરવાળા તાલુકાની શ્રી ચાચરિયા પ્રાથમિક શાળામાં ધોરણ - ૪ માં અભ્યાસ કરતાં ખૂબ પ્રતિભાવંત બાળક સૂર્યદીપ પ્રવીણભાઈ ખાચરે વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધામાં સૌથી શ્રેષ્ઠ પ્રતિભા દાખવી પ્રથમ નંબર મેળવ્યો હતો હવે આ પ્રતિભાશાળી સૂર્યદીપ ઝોન કક્ષામાં આ બન્ને સ્પર્ધામાં બોટાદ જિલ્લાનું નેતૃત્વ કરશે. સરકારી શાળા શ્રેષ્ઠ શાળા એવા અનુસરણીય સુત્રને સાકારિત કરતી અંતરિયાળ વિસ્તારની શ્રી ચાચરિયા શાળા સતત એની સતત ઈનોવેટિવ પ્રવૃત્તિઓ, સંસ્કાર,શિસ્ત, સ્વાસ્થ્ય અને અનેક મૂલ્યલક્ષી પ્રયોગો થકી ઉત્તમ શિક્ષણ આપી સમગ્ર બોટાદ જિલ્લામાં આગવું સ્થાન ધરાવે છે ત્યારે બાળ પ્રતિભા શોધ સ્પર્ધામા ખાચર સૂર્યદીપની બેવડી સિધ્ધિથી આ સફળતા વધુ દીપી ઊઠી હતી. ચાચરિયા શાળા પરિવાર , તાલુકા, જિલ્લાના સારસ્વતો તથા જિલ્લા શિક્ષણ પરિવાર બોટાદના વડા આદરણીય શ્રી ભરતસિંહ વઢેર સાહેબે આ બાળકની પ્રતિભાને બિરદાવી આશીર્વાદ અને શુભેચ્છા પાઠવી હતી.

# જિલ્લાકક્ષાની યોજાયેલ બાળપ્રતિભા શોધ સ્પર્ધામાં પીએમશ્રી એમ એસ બી શાળા નં ૨૪ બોટાદની જળહળતી સિદ્ધિ ...




જિલ્લા યુવા અને સાંસ્કૃતિક વિભાગ કચેરી બોટાદ દ્વારા યોજાયેલ જિલ્લાકક્ષાની બાળ પ્રતિભાશોધ વિવિધ સ્પર્ધાઓમાં પીએમશ્રી એમ. એસ.બી શાળા નં ૨૪ બોટાદ નાં બાળકોએ ભાગ લઈને ઉત્કર્ષ દેખાવ કરેલ..વિવિધ સ્પર્ધાઓ પૈકી વાદન સ્પર્ધામાં પ્રથમ વ્યાસ જય, લગ્નગીત સ્પર્ધામાં પ્રથમ ચૌહાણ માનસી અને લોકનૃત્ય માં ટીમ શાળા નં ૨૪ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે , શાળાના શિક્ષકશ્રીઓ હીનાબેન પટેલ, નુપુરબેન ભટ્ટ,મુકેશભાઈ કોગતીયા અને ભાવેશભાઈ કણઝરિયા બાળકોને ઉમદા માર્ગદર્શક આપી શાળાને સિદ્ધિ અપાવવામાં પુરુષાર્થ કરેલ..જિલ્લા કક્ષાએ સફળતા પ્રાપ્ત કરનાર સૌ બાળકોને અને માર્ગદર્શક શિક્ષકોને શાળાના આચાર્યશ્રી ભૂમિકાબેન પટેલ અને શાળા પરિવાર દ્વારા અભિનદન પાઠવેલ તેમજ આગામી ઝોન કક્ષા માટે માર્ગદર્શન પૂરું પાડેલ...

# રાણપુર તાલુકામાં ધોધમાર બે ઈંચ વરસાદ ખાબક્યો,ખેડૂતોની મશ્કેલીમાં વધારો



ભાવેશ પરમાર (બોટાદ)

રાણપુર તાલુકામાં મોડી રાત્રીથી ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતા ખેડુતોના કપાસ બાજરી તલ જુવાર જેવા પાકમાં ભારે નુકસાન ભોગવવુ પડે તેવી મુશ્કેલી વધી છે. જ્યારે રાણપુર તાલુકા ના માલણપુર દેવગાણા દેવળીયા બોડીયા બરાનીયા નાગનેશ હડમતાળા, અલમપુર ગઢીયા દેરડી સાંગણપુર ગામમાં નદી નાળા છલકાયા હતા રાજપરા બુબાવાવ કુંડલી ઉમરાળાધારપીપળા ઉમરાળા કેરીયા અણીયાળી અને રાણપુર તાલુકા ના મામલતદારે જણાવ્યા મુજબ રાણપુરતાલુકા સહીત તાલુકા ના ગામોમાં ગાજવીજ સાથે ૨ બે ઈંચ જેટલો અને અત્યારે વરસાદ પડતા ખેડૂતો ના હાથમાં આવેલ કપાસ તલ બાજરી જુવાર જેવા પાકમાં ભારે નુકસાન થવાની ભીતી સર્જાય છે કારણ કે અત્યારે શુપાલકોએ પશુ માટે જાર જેવો ઘાસચારો વાઢીને રાખ્યો હોય તે પણ પલળે એટલે નાબુત થય જાય છે તે માટે વરસાદ પડતા ખેડૂતો ની મુશ્કેલી વધી છે.

# ભાવનગર યુનિવર્સિટી આયોજિત આંતર કોલેજ ફૂટબોલ સ્પર્ધામાં બોટાદકર કોલેજની સિદ્ધિ



**ન્યૂઝ ઓફ ગાંધીનગર:ભાવેશ પરમાર (બોટાદ)**

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજ ફૂટબોલ સ્પર્ધા (ભાઈઓ) તારીખ ૧૩/૯/૨૪ ના રોજ ભાવનગર ખાતે યોજાયેલ. જેમાં બોટાદની કવિ શ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની ફૂટબોલ ટીમ સેમી ફાઈનલમાં પહોંચી હતી. તારીખ ૨૩/૯/૨૪ ના રોજ આંતર કોલેજ ફૂટબોલની સેમી ફાઈનલ સ્પર્ધા બોટાદકર કોલેજ અને સર પી પી સાયન્સ કોલેજ,ભાવનગર સાથે રમાડવામાં આવેલ. જેમાં બોટાદકર કોલેજની ટીમે શાનદાર રમત રમી વિજય પ્રાપ્ત કરી સમગ્ર ભાવનગર યુનિવર્સિટીમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ટીમમાં કેપ્ટન તરીકે ગોહિલ મેહુલ અને ટીમમાં સુવાણ રોહિત, ગોલેતર કૌશલ, બાખડકિયા દર્શન, શિહોરા રાહુલ, બથવાર આર્યન, વાલાણી હર્ષદ , કુરેશી રેહાન, ઝેન જીગર, જમોડ વિશાલ, પંચાલા મેહુલ, ડાભી નિખિલ, બાવળિયા રવિ અને ઝાલા અરવિંદનો સમાવેશ થાય છે. સમગ્ર ભાવનગર યુનિવર્સિટીમાં બોટાદકર કોલેજને ગૌરવ અપાવવા બદલ સમગ્ર સ્ટાફગણ, કોલેજના કોચ શ્રી અવનીબેન બથવાર અને મિતલબા રાઠોડ ,કોલેજના પ્રિ. શ્રી ડૉ અનિરુધ્ધસિંહ મકવાણા સાહેબે સમગ્ર ટીમ ને અભિનંદન પાઠવેલ છે.

# સુરતમાં વરસાદની ધમાકેદાર બેટિંગ:૧૦ કલાકથી સતત પડતા વરસાદને કારણે નીચાળવાળા વિસ્તારોમાં પાણી ભરાયા, કોઝવે વાહન-વ્યવહાર માટે બંધ કરાયો

સુરત શહેરમાં આજે પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે. ગઈકાલ રાતેથી સુરત શહેરમાં વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બીજી તરફ સુરત શહેરમાં આવેલો કોઝવે ઓવરફલો હોવાથી નયનરમ્ય દશ્યો સામે આવ્યા છે. જયારે ઉકાઈ ડેમમાં પાણીની આવક થતા ડેમની સપાટી આજે સવારે ૧૨ કલાકે ૩૪૪ ફૂટ ૫૨ પહોંચી હતીચોમાસાની ઋતુ પૂર્ણ થવાને આરે છે, ત્યારે સુરત જિલ્લામાં ફરી એક વખત મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. સુરત શહેરમાં વહેલી સવારથી જ વરસાદ વરસી રહ્યો છે. જેને લઈને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. બીજી તરફ વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. અખંડ આનંદ કોલેજથી કોઝવે તરફના રસ્તા પર પાણી ભરાયા હતાં, જેને લઈને લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત વહેલી સવારથી જ વરસાદી માહોલ હોવાથી કામકાજ અર્થે જતા લોકો તેમજ સ્કૂલ-કોલેજ જતા લોકોને છત્રી તેમજ રેઈનકોટ સાથે જવાની ફરજ પડી હતી. દર વર્ષની સરખામણીએ આ વર્ષે સુરતીઓ નજીવા વરસાદમાં પણ હાલાકી ભોગવતા જોવા મળ્યા છે.સુરત શહેરમાં આવેલો કોઝવે ઓવરફલો છે, જેને લઈને વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. કોઝવે ઓવરફલો હોવાથી અહી નયનરમ્ય દશ્યો સામે આવ્યા છે. કોઝવેની ભયજનક સપાટી ૬ મીટર છે અને ૬ મીટરને પાર કરતા જ કોઝવે વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવે છે. આજે સવારે ૧૨ કલાકે કોઝવેની સપાટી ૮.૨૯ મીટર નોંધાઈ હતી. ભયજનક સપાટી કરતાં બે મીટર ઉપરથી તાપી નદી વહી રહી છે.ઉકાઈ ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે અને આજે સવારે ૧૨ કલાકની સ્થિતિએ ઉકાઈ ડેમની સપાટી ૩૪૪ ફૂટ પહોંચી છે. ઉકાઈ ડેમમાં પાણીની આવક થતા ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. આજે સવારે ૧૨ કલાકની સ્થતિએ ડેમમાં ૬૯૧૨૬ કયુસેક પાણીની આવક નોંધાઈ હતી. જ્યારે ડેમમાંથી ૧૬૭૪૨ કયુસેક પાણી છોડવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર સતત ઉકાઈ ડેમની સ્થિતિઓ પર નજર રાખીને બેઠું છે. ઉપરવાસમાં વધુ વરસાદ થાય તો ઉકાઈ ડેમની સપાટી જાળવી રાખવા માટે આવક જેટલું જ પાણી જાવક પાણી છોડીને સપાટીને મેન્ટેન કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત ખાદી ભવનના નવનિર્મિત ખાદી ભવનનું ઉદ્ઘાટન કર્યું





અમદાવાદ ઈન્કમ ટેક્સ ચાર રસ્તા પાસે આવેલા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત ખાદી ભવનના નવ નિર્મિત ભવનનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.આ અવસરે સૌ કોઈ નાગરિકો અને યુવાનો ખાદી પ્રત્યે પ્રેરાય એ ઉદ્દેશી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નવનિર્મિત ખાદી ભવનમાંથી ખાદીની ખરીદી પણ કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, આ ખાદી ભવન ૫૯ વર્ષ પૂર્ણ કરી ૬૦ વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ ખાદી ભવનનું સૌપ્રથમ ઉદ્ઘાટન તત્કાલીન પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીના હસ્તે ૬ માર્ચ ૧૯૬૫માં કરવામાં આવ્યું હતું. આ ખાદી ભવનને રીનોવેશનની જરૂરિયાત હોવાથી આ ખાદી ભવનને વર્તમાન જરૂરિયાત મુજબ નવનિર્મિત કરવામાં આવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.